ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date: 27th June, 2020

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................,

ભાવનગર.

## ભાવનગર, અમરેલી અને બોટાદ જીલ્લામાં સૂર્ય ફરતે એક સર્કલ (Sun Halo) જોવા મળ્યું.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

આજે દિવસના મધ્ય સમયે લગભગ ૧૨:૫૦ વાગ્યા થી ૧:૨૦ દરમ્યાન સમગ્ર જીલ્લામાં ઉપરાંત અમરેલી અને બોટાદ જીલ્લામાં સૂર્ય ફરતે એક સર્કલ જોવા મળ્યું, જેને ઘણા લોકોએ કુતુહલતાથી નિહાળ્યું. કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી સાથે ફોટો શેર કરીને ટેલીફોનીક રીતે જાણવા પ્રયાસ કરેલ. આ ઘટનાની કુતુહલતા પાછળ રહેલ વિજ્ઞાન જણાવતા નીચે મુજબની માહિતી આપેલ.

આ ઘટનાને 'Sun Halo' (સન હાલો) કહેવામાં આવે છે. આ ઘટના મુખ્યત્વે ચોમાસા દરમ્યાન ભેજવાળા વાતાવરણને કારણે જોવા મળે છે. ચોમાસા દરમ્યાન ઉપરી વાદળોમાં જ્યાં ભેજનું પ્રમાણ વધારે અને બરફ જેવા ઘટ્ટ સ્વરૂપે રહેલ હોય છે. આ વાદળો પવનના કારણે ૨૨ અંશે કુદરતી રીતે સૂર્યની ફરતે ઘેરાય છે. જેથી સૂર્યનો પ્રકાશ વાદળો પર પડતા જ તે પ્રીઝમની જેમ ચમક સાથે પ્રકાશનું વક્રીભવન કરે છે. અહિયાં પ્રકાશના વક્રીભવન સાથે પ્રકાશ પરાવર્તિત પણ થાય છે. જેને કારણે સુર્યપ્રકાશની હાજરીમાં જોઈ શકાય તેવા રંગોની એક મેઘધનુષ રીંગ સૂર્યની ફરતે જોવા મળે છે. થોડો સમય પસાર થતા વાદળોની ગોઠવણમાં ફેરફાર થવાથી આ રીંગ અદ્રશ્ય થઈ જાય છે.

(હર્ષદ જોષી) 27-06-19 2PM

કો-ઓર્ડીનેટર,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.



https://www.facebook.com/krcsc.bhavnagar https://twitter.com/KalyanRCSC

https://in.linkedin.com/pub/kalyan-regional-community-science-center/a3/a44/875